## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કંઇ અકળ થઇ જાય છે, એ પ્રેમ છે.
પણ તને સમજાય છે, એ પ્રેમ છે.
આપણે બે... એક નાની છત્રી છે!
તરબતર ભીંજાય છે, એ પ્રેમ છે.
શબ્દ છે જે જીભથી બોલાય છે,
આંખમાં રહી જાય છે, એ પ્રેમ છે.
ને વળી ક્યારેક ‘હા’ કે ‘ના’થી પણ
સાવ પર થઇ જાય છે, એ પ્રેમ છે

- રઈશ મનીઆર

### પાથેય

- રમેશ ઠક્કર

## સમદુ:ખિયાંનો સહચાર...!

‘પ્રેમ એ પણ કોઇક ગજબ ચીજ છે’ એવું આપણી ભાષાના ઉત્તમ લેખક પન્નાલાલ પટેલ એમના અંગત મિત્ર સાથેના એકરારમાં કહે છે..પ્રીતની રીત નિરાળી અને આગવી હોય છે...એની કોઇ સીધીસાદી ફોર્મ્યુલા હોતી નથી..એને સમજવાની કોઇ નક્કી કરેલી રીત પણ નથી..એનો કોઇ ચીલો હોતો નથી..વાસ્તવમાં ચીલે ચાલનારા પ્રેમ કરી શકતા પણ નથી..એના માટે જરા હટકે વિચારનાર વધારે વાસ્તવિક હોઇ શકે..એનો અકળ સ્વભાવ જગત માટે સમજવા મુશ્કેલ હોઇ શકે છે..પણ પ્રેમ જેના માટે વ્યકત થાય છે એના માટે એની પરિભાષા સમજવી સહજ હોય છે !

એની અભિવ્યક્તિ માટે જુદાજુદા ઉપક્રર્મો જાણીતા છે..એક છત્રી હોય અને એમાં બે મુગ્ધ પ્રેમીઓ ભીંજાતા હોય એને ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ ગણવામાં આવે છે..એમાં જે તરબતર થાય છે એ વરસાદ નહીં પણ લાગણીઓ હોય છે ! પ્રેમ એટલે લાગણીને અપાતો આશ્લેષ..!શબ્દો થકી જે સ્ફૂટ થાય એ વ્યવ્હાર હોઇ શકે..આંખમાં જેની ભીનાશ રહી જાય એ સ્નેહ..એમાં ઘણીવાર સંમતિ એકરાર કે કોઇ કરાર જરૂરી હોતા નથી..કોઇ હા કહે કે ના કહે એટલા પ્રતિભાવ થકી એને માપી શકાતો નથી..ઘણીવાર હા કહેવામાં ના હોય તો કયારેક ના એ પુરસ્કાર બની જાય છે !

પ્રેમ એ ધરતીમાં ધરબાઈ ગયેલું મોહે-જોં-ડેરો છે..એના ઉત્ખનનનો પણ રોમાંચ હોય છે..વસવસો એ કદાચ વળગણ હોઇ શકે... પ્રેમની પળો હોય એના યુગ ના હોય..રમેશ પારેખ કંઇક આવું પણ કહે છે.." હથેળી બહુ વ્હેમ વાળી જગા છે..અહીં શ્વાસો વસતા જે પ્રેતો થયાં છે.." આ પ્રેત એ વીર માંગડાવાળા જેવું હોય જેમાં પદમાવતીનું હેત હોય..એક હજાર નવચંદરી ભેંસોની તલાશ કરતા વિજાણંદ ની મથામણ હોય..અને એમાં એ સફળ જ થશે એવી શેણીની શ્રધ્ધા હોય..

પ્રેમ એ જોનારની આંખમાં હોય છે.."આસીમ" રાંદેરી સરસ લખે છે... ’મોહબ્બત થાય છે પણ થઇ જતાં બહુ વાર લાગે છે... મોહબ્બત ચીજ છે એવી જે રસ્તામાં નથી હોતી " કોઇના પ્રીતિપાત્ર થવું એ દુર્લભ વાત છે...ખુબ બુધ્ધિશાળી લોકો પ્રેમ કરી શકતા નથી..એ સમદુખિયાંનો સહચાર છે..!

# ભાજપની જમ્મુ અને કાશ્મીર ભણી પ્રયાણ

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ જેવાં બંધારણીય પદો પર કહ્યાગરા ઉમેદવારોને જિતાડી દીધા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નજર ગુજરાત, હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીર પર રહેશે. આયોજનપૂર્વક ઓડિશાના અંતરિયાળ ગામડાનાં આદિવાસી મહિલાને રાષ્ટ્રપતિ પદ માટે પસંદ કરીને વડાપ્રધાન મોદીએ વિપક્ષી એકતાનું સૂરસૂરિયું કરી દીધું છે. વિપક્ષે પહેલાંથી જ આ હારની બાજીમાં પડવા જેવું નથી એમ સમજી દ્રૌપદી મુર્મુને સમર્થન આપવાની જરૂર હતી. એમ કરવાથી એમને આગામી ચૂંટણીઓમાં આદિવાસી વોટબેંક જાળવવામાં સરળતા રહેત. વળી રાષ્ટ્રપતિ ભવનમાં પણ એમને ઉમકળાભર્યો આવકાર સાંપડતો રહેત. શરદ પવારે આ મુદ્દો સોનિયાથી લઈ મમતા સુધી નેતાઓને સમજાવવાની જરૂર હતી. પરંતુ શરદ પવાર જે જોખમ લેવા તૈયાર ન થયા એ સળગતું ઉંબાડું યશવંત સિંહાએ પકડી લીધું અને છેલ્લે એમને ઈંદિરા ગાંધીએ એમના અપક્ષ ઉમેદવાર વી.વી. ગિરિને જિતાડવા માટે જે કીમિયો અજમાવ્યો હતો એનું જ પુનરુચ્ચારણ કરીને ‘આત્માના અવાજ પ્રમાણે વોટિંગ કરવાની અપીલ કરવી પડી.’ જો કે આત્માના અવાજ પ્રમાણે વિપક્ષના કેટલાક મહાનુભાવોએ દ્રૌપદી મુર્મુ તરફી વોટિંગ કર્યું છે. સમ ખાવા પૂરતા ગુજરાત વિધાનસભામાં શરદ પવારની પાર્ટી એનસીપીનું પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્ય કાંધલ જાડેજાએ દ્રૌપદી મુર્મુને વોટ આપ્યો છે. એ જ રીતે મુલાયમસિંહ યાદવના લઘુબંધુ શિવપાલ યાદવે એ બહાના હેઠળ યશવંતસિંહાને વોટ નથી આપ્યો કે ભૂતકાળમાં યશવંત સિંહાએ કયારેક ‘નેતાજી’ (મુલાયમસિંહ) માટે આઈએસઆઈના એજન્ટ જેવા અપશબ્દો વાપર્યા હતા. મૂળે આ બધા ખેલ મોદીની ગુડ બુકમાં રહેવા માટેના છે એ કહેવાની જરૂર ખરી ? બનવાજોગ કે ઘણાં બધાં રાજયોના આદિવાસી ધારાસભ્યો અને સાંસદો એ શુભચેષ્ઠાની રૂએ દ્રૌપદી મુર્મુને જ વોટ આપ્યો હોત. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોઈ ‘વ્હીપ’ તો હોતોન નથી. છતાં શિસ્તબદ્ધ પાર્ટીના પ્રતિનિધિઓ તો શિસ્તપાલનની રૂએ અથવા નેતા કે હાઈકમાંડની ધાકને કારણે પાર્ટીના નિર્ણયને જ વફાદાર રહે તે સમજી શકાય એવું છે. હવે પછીનું મોદીનું ટાર્ગેટ ગુજરાત - હિમાચલ સાથે જમ્મુ અને કાશ્મીરની ચૂંટણી કરાવી દઈ માથાનો દુખાવો બની રહેલ સરહદી રાજયને રાજયનો દરજ્જો પરત કરી ત્યાં પણ ભાજપનું કમળ ખીલવવાનું જ હશે. ગુજરાત પર જમ્મુ-કાશ્મીર માટેની ૩૭૦મી કલમ વાળો મુદ્દો ઘણો ઉપકારક નીવડશે. તો એ જ રીતે જમ્મુ-કાશ્મીર માટે ‘ગુજરાત મોડેલ’ નું શાસન-પ્રશાસન પણ આકર્ષણનું વાનું રહેશે. દુનિયાભરમાં જમ્મુ અને કાશ્મીર પર ભારતીય સેના જુલમ કરી રહી હોવાનો પ્રચાર ચલાવી રહેલ પાકિસ્તાન ને ચીનને પણ આ પ્રદેશોનો પુનઃ પૂર્ણ કદના રાજયનો દરજ્જો આપી ચૂંટાયેલી સરકારનું શાસન સ્થાપિત કરીને જ ચૂપ કરી શકાય એમ છે. લદ્દાખને કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે અલગ તારવી હવે નવા સીમાંકનમાં જમ્મુની હિંદુ બહુલ બેઠકો કબજે કરી ભાજપ કાશ્મીર ખીણનું રાજકીય મહત્ત્વ સમાપ્ત કરવા પ્રયાસ કરશે. નવા સીમાંકનથી જમ્મુ વિસ્તારની બેઠકોમાં વધારો થયો છે અને એથી ખીણમાં એકમેકના લોહીની તરસી પીડીપી તથા નેશનલ કોન્ફરંસને લડાવી ભાજપ જમ્મુ-કાશ્મીરમાં પણ સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી શકે એમ છે. વળી કાશ્મીરી પંડિતો અને અનુસૂચિત જનજાતિ માટેની અનામત બેઠકો પર પણ એ મદાર રાખી શકે એમ છે. હિમાચલ પ્રદેશ પણ આ રાષ્ટ્રીયતાના મુદ્દે ભાજપ તરફ ખેંચાશે. વડાપ્રધાન મોદી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલાં છેક કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને આસામથી ગુજરાત સુધી લાઈન ક્લિયર કરી દેવા માગતા હોય તે સ્વાભાવિક છે.

# લલિત મોદી અને સુસ્મિતા સેન : નવું પ્રકરણ




અત્યારે મીડિયામાં જાણીતા કવિ ગોપાલદાસ ‘નીરજ’ ની પંક્તિઓ બહુ ચમકી રહી છે, ‘પ્યાર એક પૂંજીવાદી વિચાર હૈ, લકડિયો કેં સપને મેં ભી રાજકુમાર હી આતે હૈ, મજદૂર નહીં.’ આ પંક્તિઓ ફેસબુક, વોટ્સએપ અને બીજા ઘણા મીડિયામાં ચમકી રહી છે. એનો સંદર્ભ છે સુસ્મિતા સેન અને લલિત મોદી. આ એ જ લલિત મોદી છે, કે જેણે આઈપીએલના નામે ક્રિકેટને રમત નહીં પણ ધંધો બનાવી દીધો અને સટ્ટાબજારને ઉત્તેજન આપ્યું. પોતે વૈભવશાળી જિંદગી જીવતો હતો. અને હજી જીવે છે. સુસ્મિતા સેન સાથેની એની ડેટિંગની તસ્વીરો વાયરલ થઈને ભાઈ પાછા ચર્ચામાં આવ્યા. વચ્ચે થોડાં વર્ષો એના વિશે કોઈ વિગત નહોતી, ગાયબ હતા પણ મિસ યુનિવર્સ બની ચૂકેલી



સુસ્મિતા સેન હવે પ્રૌઢ એવા લલિત મોદી સાથે ડેટિંગ કરે છે. ત્યારે ગોપાલદાસ ‘નીરજ’ ની પંક્તિઓ સાચી ઠરે છે.

સુસ્મિતા સેનને પોતાને રુપિયાની ખોટ હોય એવું લાગતું તો નથી પણ આ સિને અભિનેતાઓ કે અભિનેત્રીઓ કયારે દેવાળું ફૂકે એ કહેવાય નહીં. અહીં તો સ્પષ્ટ છે આ સંબંધનું કારણ અને સિને દુનિયા માટે એ નવું પણ નથી. કરીના કપૂર - સૈફઅલી ખાન, જૂહી ચાલવા - જય મહેતા, વિદ્યા બાલન - સિદ્ધાર્થ રોય કપૂર, ઘણા ઉદાહરણ આપી શકાય. આ બધી જ અભિનેત્રીઓએ પોતાના કરતાં ઉંમરના ઘણા મોટા એવા પુરુષો સાથે લગ્ન કર્યા અને ઠરીઠામ થવાના પ્રયત્નો કર્યા. એમાં કરીના કપૂર જેવી નિષ્ફળતા પણ મળી એ જુદી વાત છે ! આમ, કરવા પાછળનું સીધું કારણ આર્થિક સદ્ધરતા છે. સ્ત્રીને ખબર છે, કે હજી આ દેશ પુરુષપ્રધાન દેશ છે સિનેમાની દુનિયામાં આજે સુપરસ્ટાર છે તો કાલે કોઈ કોડીનો ભાવ પણ પૂછવાનું નથી. ફૅશનની દુનિયામાં પણ આવું જ વરવું સત્ય છે. મધુર ભંડારકરે ‘ફૅશન’ ફિલ્મમાં એ સરસ રીતે બતાવ્યું હતું.

લલિત મોદી ફરી પ્રકાશમાં આવ્યા, સુસ્મિતા સેનને કારણે. આ મોદી ફરી આઈપીએલનો જુગાડ નવી રીતે ન કરે તો સારું. ક્રિકેટરોની કરોડોમાં લીલામી થાય અને ક્રિકેટરો પણ હસતા હસતા લીલામ થવા તૈયાર થાય એ કડવી વાસ્તવિકતા આઈપેલને કારણે છે અને એ બધું શ્રીમાન લલિત મોદીની દેણ છે. શ્રીમાન લલિત મોદી પોતાનું ચાર્ટર પ્લેન ધરાવે છે. અને એમાં મોજશોખની આખી દુનિયા સામેલ છે અને એ ઝાકઝમાળ, વૈભવ કોઈને પણ આંખો આંજી નાખવા પૂરતી છે અને એમાં હવે વારો ભૂતપૂર્વ મિસ યુનિવર્સનો છે. ચોરે ને ચૌટે આ ચર્ચા ચાલી રહીછે સૌ ગોપાલદાસ ‘નીરજ’ની પંક્તિઓ વાગોળી રહ્યા છે.

# "હોય મનમાં ધુમ્મસી વાતાવરણ ને ભીનાશ આંસુની અડ્યા કરે, વિચારીએ કંઇક સારું ને બે ચાર શક્યતાઓ સાચી પડે એમ પણ બને"




દરેક સારી નરસી ઘટના પહેલા મનમાં બ્ને છે .

એટલે સફળતાની શરુઆત પણ માનવીના મનમાં પહેલાં થાય છે.

સફળતા નિષ્ફળતા એ મનની સ્થિતી છે.

જયારે આપણે સફળતાની સીડી વિશે વિચાર કરીએ છીએ ત્યારે અદભૂત મંજીલ આપણી રાહ જોતી હોય છે.

સફળતાની ટોચે પહોંચવાનું સિક્રેટ હશે ખરું?

તો, હા એ સિક્રેટ છે, આપણે જેવું વિચારીએ છીએ તેવું જ થાય છે.

સુખ અને દુખ , સફળતા અને નિષફળતા બધુ જ આપણાં મન પર આધારિત છે.

મન જ બધાં પ્રકારનાં દુ:ખો અને સુખોનું મૂળ છે. તેમાં કેટલાય પ્રકારના સંકલ્પ-વિકલ્પના ઉછાળા ચાલ્યા જ કરતા હોય છે.

આ મન માટે એવું પણ કહેવાયું છે કે મન હોય તો માળવે જવાય. કારણ કે મન જ તમારા વિચારો, ભાવનાઓનું ઉદ્?ગમસ્થાન ગણાય છે. આપણું મન, મનોબળ જેટલું મક્કમ હશે તેટલી તમારી શારીરિક, માનસિક શક્તિ અનેકગણી વધી જશે. કહે છે ને કે મનથી હાર્યા હાર અને મનથી જીત્યા જીત.તમે જેવું વિચારશો તેવું થઈને રહેશે. સંકલ્પથી સિદ્ધિ.મનને પોઝિટીવ વિચારોથી ભરી દો.

હેનરી ફોર્ડ કહે છે કે "તમે કરી શકશો એમ તમે માનતા હો અથવા નહીં કરી શકો તેમ માનતા હો, બંને વખત તમે સાચા છો.

કંઈક મેળવવું અને હાસિલ કરવું પરતું પોતાની કાબેલિયત થી નહી કે યોગ્યતા વગર ચાપલૂસી કરીને.

આજનાં યુગમાં ચાપલૂસી ની બોલબાલા છે.પરતું કેટલો સમય ? પ્રગતિ એમનો જ દરવાજો ખખડાવે છે જે યોગ્યતા માટે પોતાને કામમાં સમર્પિત કરી જાણી છે.

સફળતા માટે સંઘર્ષ જરૂરી છે ,એ સાચું પણ ખુદને એકસિલન્ટ નું સર્ટિફિકેટ આપવું પણ જરૂરી છે. ઢસરડા કરવાથી સફળતા નહિ પરંતુ યોગ્ય કાર્ય, યોગ્ય સમયમાં કરવું ને સફળતા કહી શકાય.

શા માટે કાર્યસ્થળ પર અમુક જગ્યા, અમૂક વિસ્તાર આપણને મુશ્કેલ લાગે છે?

કારણ અનુભવ નો અભાવ અને બીજાના પ્રતિભાવ. આખી પૃથ્વી પર અમુક જગ્યા સારી અને ખરાબ લાગે . કયા સર્વે ના આધારે. કદાચ સાથીદારના પ્રતિભાવ, રિવ્યુ ના આધારે જ.

બંધાને સારું અને ઉત્તમ જ જોઇએ છે.જગ્યા, વાતાવરણ, સાથીદાર અને સુવિધા.

ઈશ્વરે હવા, પાણી અને ખોરાકની વ્યવસ્થા માનવ સર્જન કરતાં પહેલાં જ કરી દીધી હશે.

તો કહી શકાય કેદરેક જીવ જન્મજાત જ વી. આઇ. પી હોય છે. જો આવું ના હોત તો આવી વ્યવસ્થા ઈશ્વરે કરવી પડી હોત?

તો શા માટે લોકો ડરી જાય છે નજીવા જીવનમાં ફેરફાર આવતાની સાથે જ.

શા માટે કઇક મેળવવાં થોડું તપવા કે ટકોરા પડે એવું નથી ઈચ્છતા.

મૂર્તિકાર મારબલને ટકોરા મારીને જ પૂજાય એવી મૂર્તિને આકાર આપી શકે છે.

મારબલના ટુકડા પર હથોડા નથી વાગતા ત્યાં સુધી એ પથ્થર તરીકે જ ઓળખાય છે.

તો ઓળખ ઊભી કરવા થોડાક પ્રહાર, મુશ્કેલી આવી જાય તો યાદ રાખવુ નક્કી ચોક્કસ ઓળખ ઊભી થશે.

આપણે ખરાબ જે ખરેખર ખરાબ હોતું નથી. એને અનુભવ્યા વગર ઈશ્વરને માથે દોષ આપી દઈએ છીએ.

જો આપણે માંગી એ એ બધુ મળી જતું હોત તો અનર્થ થઈ જાય. જો ખોટું હોય તો જીવનના અમૂક પાના ને પલટાવી જુઓ.

અહેસાસ થશે કે હા દરેક ઇચ્છા સાચી નહોતી જ.

આનું કારણ છે આપણી વિચારસરણી.

આપણી પાસે વિચાર કરવાની શકિત અને સમય જ નથી. આપણે હમેશાં બીજાના અનુભવ પર ચલતા આવ્યા છીએ. આત્મનિરીક્ષણ કરીને કે આપણા અંતરમનમાં આપણી મનોદશા ને સમજ્યા વગર જ આ સારું ,આ ખરાબ માની લઈએ છીએ.

ચાલો જેમ સૌંદર્ય , શોપિંગ કે સજાવવા પાછળજેટલો સમય લગાવીએ છીએ એટલો જીવનની સાચી દિશા ને જાણવા માટે લગાવીએ.

મૂશ્કેલ જરૂર લાગશે પણ ત્યાં સુધી જયા સુધી મેળવી નહી લો.

જો દિશા, સ્પષ્ટ ધ્યેય હશે તો સફળતા હાંસિલ કરવાં માટે પરિવર્તન કે કોઈ મુશ્કેલી આડે નહી આવે. અને ચાપલૂસી તો ડોકાશે પણ નહી.

શ્રેષ્ઠ મેળવવું, પામવું અને ભોગવવું હોય તો પોતાની આંતરિક શક્તિને ઓળખવી.

દુનિયાની બધી તાકાત પોતાનાં મન પાસે હોય છે. મન સાથે જેટલા કલિયર એટલા જીવન સાથે પણ.

# ભરથરીઓ પોતે જ ભરથરી હોવાનો સાચો અર્થ કદાચ વિસારી બેઠાં છે !




ભરથરી હોવું એટલે . . .

સવારે બારીએ બેસીને ચાપુ વાંચતી વખતે મને શેરીના નાકે રાવણહથ્થાના સૂર અને સાથે સાથે દેશી કંઠે ગવાતું લોક ગીત સંભળાયા. માંડ વિસ સેકન્ડ જ થઈ હશે ને બુમ સંભળાઈ "ભાઈ... આગળ..." રાવણ હથ્થાનો અને સાથે ગીત ગાતો અવાજ પણ નજીક આવ્યો.

ભરથરી શબ્દ કાને પડે એટલે સૌને રાજા ભર્તૃહરિના સ્ત્રી પ્રેમ, રાણી પિંગળાની બેવફાઈ અને ચમત્કારિક કેરીની રાજા થી રાજા સુધીની સફર સાંભરે... એક જમાનામાં ભરથરી હોવું એ વ્યક્તિની પરંપરાઓ, આધ્યાત્મિકતામાં આસ્થાનું પ્રતીક હતું... એ વખતે ભરથરીને ભિખારી ગણીને આંગણેથી હાંકી નહોતા કઢાતા. નાથ સંપ્રદાયની જ્યોત જલતી રાખનારા ભરથરીઓ આજે પોતાના અસ્તિત્વની જ્યોત જલતી રાખવાની કશ્મકશ અને સંઘર્ષમાં એટલાં તો ગૂંચવાઈ ગયાં છે કે ભરથરી હોવાનો સાચો અર્થ કદાચ ખુદ તેઓ જ વિસારી બેઠાં છે... પેટની આગ ઠારવાની લ્હાયમાં જ કદાચ.

તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ ની રાતે લગભગ ૨:૩૦ વાગ્યે મારો ફોન રણક્યો ... કોઈ આશ્રમમાં સાપ નીકળ્યો હતો. સાપ પકડીને પરત આવતા વખતે ગાંધીનગર બસ ડિપોની પાછળ વહેલી સવારે ચાની લારી પર ચા પીવા રોકાયો . . . ત્યાં જ કાનને ચિર-પરિચિત એવા રાવણ હથ્થાના સુર અને જાણીતો અવાજ કાને પડયાં. જોયું તો મારા ઘરે ઘણી વાર આવીને ઝાંપે ભજનો ગાઈ મારી પાસેથી દસવિસ રૂપિયા અને બીજા ઘરોમાંથી અપમાનનો હેડકારો લઈ જતાં ભરથરીને જોયાં.

ચિક્કાર દારૂ પીધેલા આ ભરથરીને મેં ચા પીવા બેસાડયાં અને વાતો આદરી. દારૂની વાસને કારણે મને એક ક્ષણ વિચાર આવી ગયો કે આમને તો રૂપિયો પણ ન અપાય . . . પણ બીજી ક્ષણે વિચાર આવ્યો કે એમની દારૂ પીવાની બાબતને મારે શા માટે જજ કરવી જોઈએ ? મને તો એમના ભરથરી હોવા સાથે લગાવ છે, નહીં કે તેમની દારૂ પીવાની નૈતિકતા-અનૈતિકતા સાથે. અને તેમની સાથે જે વાતો થઈ તેમાં થી એવું લાગ્યું કે એમને પોતાને જ ભરથરી હોવાનો સાચો અર્થ ખબર નથી, સિવાય કે નાથ સંપ્રદાયના મોટા મોટા નામો કંઠસ્થ છે.

મેં એમને ભજન ગાવા કહ્યું અને એમણે શંકર-પારવતીના સાંસારિક જીવનનું એક સુંદર ભજન ગાયું. આ ભજનના શબ્દો સાંભળીને શંકર અને પારવતીના માનવીય પાસાની અનિભૂતિ જરૂર થાય. ટૂંકમાં જણાવું તો પારવતીજી શંકર ભગવાન પાસે મોજડી અપાવવા સ્ત્રી હઠભરી માંગ કરે છે. હવે સ્મશાનની ભસ્મનો મેકઅપ કરનાર આપણો ભોળીયો નાથ પારવતીજીને જોઈએ એવી મોજડી કેવી રીતે અપાવે? અને શરૂ થાય છે એક સ્ત્રી અને પુરુષની મીઠી રમત. પહેલાં શિવજી પારવતીને છેતરે અને છેતરપિંડીનો જવાબ પારવતીજી પણ એમની એવી જ મીઠી છેતરપિંડીથી આપે . . . આ કેવું મજાનું કલ્પન, કેવી નમણી વાત ! આપણ સૌ શંકર પારવતીની વાત આવે અને માથુ ધાર્મિકતાથી ઝુકી જ જાય, જ્યારે નાથસંપ્રદાયના પ્રણેતાઓએ કેટળીય સદીઓ પહેલી આપના દૈવી તત્વોને માનવીય ભાવોથી શબ્દે-શણગાર્યા છે.

કડકડતી ઠંડીમાં ગણપત ભાઈના પાતળા હાથે વાગતા રાવણહથ્થાના સુર, એમનો અવાજ અને ગાયકી અંગે અભિપ્રાય આપવાની તો ક્ષમતા નથી પરંતુ, આજે ભરથરી હોવું એટલે શું એ થોડું સમજાયું ... ભરથરી હોવું એટલે ચીંથરેહાલ હોવું, સતત અપમાનિત અને ઉપેક્ષિત હોવું, ભરથરી હોવું એટલે બે ટંક ભોજન માટે દરવાજે દરવાજે ઠોકરો ખાવી, અને સદીઓ પૂર્વે મળતાં માન-આદરના સ્થાને હૈડના પર્યાયવાચી "આગળ જા . . ." જેવા શબ્દોને કોઠે પાડવા ! શું એક સમાજ તરીકે, એક સમાજના સૌહાર્દ્ર પ્રત્યે આપણે લાગણી-અંધ તો નથી બની રહ્યાને ? મારી વાત કરું તો સદીઓથી ઉતરી આવેલી પરંપરા, આધ્યાત્મિકતાના આ વાહકોને ભલે હું સન્માનિત ન કરી શકું, પરંતુ અપમાનિત તો નથી જ કરતો . . .

**હેન્ડબ્રેક :**

"કળા માત્ર સ્ટેજ પર ચળકાટ વાળા કપડાની મોહતાજ નથી,
કળા આજે પણ શેરીઓમાં જીર્ણશીર્ણ રાવણહથ્થાના સૂરમાં છે."

- ધ.ત્રિ

મો. ૯૯૭૮૪૦૫૯૬૭
- djtrivedi@gmail.com

### દિન મહિમા

● રાષ્ટ્રીય ચંદ્ર દિવસ

આજનું

### ઔષધ

● આદુંનો રસ, તુલસીનો રસ ૧-૧ ચમચી ભેળવી, તેમાં ૧ ચમચી હળદરનું ચૂર્ણ ઉમેરી સવારના નાસ્તા સમયે લેવાથી એલર્જી થી થતી શરદી માં રાહત મળે છે.

### ખડખડાટ

● છોકરી : હું એવા છોકરા સાથે લગ્ન કરીશ જેને બિઝનેસ બહુ ઊંચો હોઈ...!! છોકરો : હું બિલકુલ એના લાયક છું મારે ગિરનાર ઉપર પાનનો ગલ્લો છે...!!

આજનું

### વોટ્સએપ

● ‘ભૂલ’ કાઢનારનો ‘આભાર’ માનવો કેમ કે એ જ આપણને ‘ઊંચાઈ’ પર પહોંચાડશે....